

# પ્રેમ અને એકાંત

## ઓશો વાણી

પ્રેમ હંમેશાં એકાંત લાવે છે, એકાંતપણું હંમેશા પ્રેમ લાવે છે. જ્યારે તમે પ્રેમમાં છો તમે એકલા નહીં હોય શકો પરંતુ જ્યારે તમે પ્રેમમાં હોવ છો ત્યારે તમારે એકલા થવું પડશે. એકલતા નકારાત્મક અવસ્થા છે. એકલતાનો અર્થ છે કે તમે બીજાની લાલસા રાખો છો. એકલતાનો અર્થ છે કે તમે અંધારામાં, ઉદાસીમાં, વિષાદમાં છો. એકલતાનો અર્થ છે તમે ભયભીત છો. એકલતાનો અર્થ થાય છે કે તમે અનુભવ કરો છો કે તમે એકલા રહી ગયા છો. એકલતાનો અર્થ છે કે કોઈને તમારી જરૂરત નથી. આ પીડા આપે છે. એકાંત ફૂલની જેમ હોય છે એ અલગ જ વાત છે. એકલતા ઘાવ છે જે કેન્સર થઇ શકે છે. બીજી બીમારીઓની તુલનામાં ઘણા લોકો એકલતાના કારણે મૃત્યુ પામે છે. દુનિયા એકલવાયા લોકોથી ભરેલી છે અને તેમની એકલતાપણાના કારણે તે બધા બધી જ પ્રકારની મૂર્ખતા કરે રાખે છે જેથી કોઇ પણ પ્રકારે એ ઘાવ, એ ખાલીપણું, એ નિર્જનતા, એ નકારાત્મકતા ભરાય જાય. લોકો બીજા સાથે સંબંધિત થતાં જાય છે પરંતુ તે બન્ને એકલા છે એટલે સંબંધ સંભવ નથી થતો. સંબંધ ફક્ત ઊર્જાની પ્રચુરતાથી સંભવ થાય છે, નહીં કે જરૂરત થકી. જો કોઇ વ્યક્તિ જરૂરતમંદ છે અને બીજી વ્યક્તિ પણ જરૂરતમંદ છે ત્યારે બન્ને એકબીજાનું શોષણ કરવાની કોશિશ કરશે ત્યાં શોષણનો સંબંધ હશે, નહીં કે પ્રેમનો, નહીં કે કરૂણાનો. આ મિત્રતા નહીં હોય. આ એક પ્રકારની શત્રુતા હશે-ઘણી કડવી પરંતુ ચાસણી ચઢેલી અને વહેલેમોડે એ ચાસણી પીગળી જશે. હનીમૂન પૂરું થતાં જ ચાસણી ઊતરી જાય છે અને કડવાશ બચી રહે છે. પતિ અને પત્નીને કક્ષમાં બેઠેલા જુઓ, પતિ સ્વયં પોતાની એકલતામાં જોવાયેલો છે અને પત્ની સ્વયંની એકલતામાં જોવાયેલ છે. દુનિયાની સૌથી વધુ દુ:ખદાયી વસ્તુ જોવી હોય તો તે આ બે પ્રેમીઓ છે અને બન્ને એકલા-દુનિયાની સૌથી દુ:ખદાયી વસ્તુ! એકાંત આખી અલગ જ વાત છે. એકાંત તમારા હૃદયમાં કમળનું ખીલવું છે. એકાંત વિધાયક છે, એકાંત સ્વાસ્થ્ય છે તે તો સ્વયંનો હોવાનો આનંદ છે. તે તો સ્વયંનો પોતાના અવકાશમાં હોવાનો આનંદ છે. પ્રેમ તમને એકલા હોવાનું સાહસ આપે છે. ફક્ત પ્રેમ તમને એટલી ગહનતાથી તૃપ્ત કરે છે કે તમને બીજાની જરૂર જ નથી હોતી - તમે એકલા હોય શકો છો, પ્રેમ તમને એટલો કેન્દ્રિત કરી દે છે કે તમે એકલામાં જ આનંદિત થઈ શકો છો. જ્યારે તમે પ્રેમમાં હો છો એકલા હોવાની ઘણી જરૂરત મહેસૂસ થાય છે. જ્યારે એકલા હો છો ત્યારે વહેંચવાની ઈચ્છા ઉત્પન્ન થાય છે. દૂર જવું એ પ્રેમથી વિપરીત નથી. દૂર જવું બસ તમારું પાછું એકાંતને પામવાનું છે. આની સુંદરતા છે અને આનો આનંદ છે પરંતુ તમે જ્યારે આનંદથી ભરેલા હોવ છો વહેંચવાની આત્યંતિક આવશ્યક જરૂરત ઉત્પન્ન થાય છે. આનંદ તમારાથી ઘણો વિશાળ છે તે તમારાથી સમાવાશે નહીં. તે એક પ્રવાહ છે! તમે એને સમાવી નહીં શકો. તમારે લોકોને વહેંચવા માટે શોધવા પડશે. પ્રેમ અને એકલતાની વચ્ચેનો સંબંધ જુઓ, બન્નેનો આનંદ લો. બન્ને વચ્ચે કયારેય પણ એકનો ચુનાવ ન કરશો કારણ કે જ્યારે તમે એકનો ચુનાવ કરશો ત્યારે બન્ને મરી જશે. બન્નેને થવા દો. જ્યારે એકાંત થાય ત્યારે તેમાં ઊતરી જાવ. જ્યારે પ્રેમ થાય ત્યારે તેમાં ઊતરી જાઓ. એકાંત શ્વાસનું અંદર જવું છે. પ્રેમ શ્વાસનું બહાર નીકળવું છે. જો તમે એકને રોક્શો તો મરી જશો. શ્વાસ સમગ્ર પ્રક્રિયા છે. અંદર આવતો શ્વાસ આવશ્યકતા છે એવી જ રીતે જેવો કે બહાર જતો શ્વાસ. ક્યારે પણ પસંદગી ન કરો! તેને પસંદગીરહિત થવા દો અને તેની સાથે જાઓ જ્યાં શ્વાસ જઈ રહ્યો છે. એકાંત અનુભવ કરો અને પ્રેમ અનુભવ કરો અને કયારેય પણ આ બન્નેની વચ્ચે દ્વંદ ઉત્પન્ન ન થવા દો, આ બન્ને દ્વારા લયબદ્ધતાને પ્રગટ થવા દો અને તમારી એવી સમૃદ્ધતા હશે જે ઘણી જ દુર્લભ હશે.

(ઓશો : 'ધ ફીશ ઈન ધ સી ઈઝ નોટ થર્સ્ટી' પુસ્તકમાંથી સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.)

> જ્યારે એકાંત થાય ત્યારે તેમાં ઊતરી જાવ, જ્યારે પ્રેમ થાય ત્યારે તેમાં ઊતરી જાઓ, એકાંત શ્વાસનું અંદર જવું છે. પ્રેમ શ્વાસનું બહાર નીકળવું છે, જો તમે એકને રોક્શો તો મરી જશો. શ્વાસ સમગ્ર પ્રક્રિયા છે. અંદર આવતો શ્વાસ આવશ્યકતા છે એવી જ રીતે જેવો કે બહાર જતો શ્વાસ, ક્યારે પણ પસંદગી ન કરો

# દેશ-વિદેશમાં હિન્દુ મંદિરો

## સંસ્કૃતિ દર્શન
સનત દવે

રાષ્ટ્ર તેની સંસ્કૃતિ, ધર્મ અને સંસ્કારથી જ સમૃદ્ધ હોય તો જ તેની ઉન્નતિ અને વિકાસ શક્ય બનતો હોય છે. આપણો દેશ 80 ટકા હિન્દુ સમાજથી વ્યાપ્ત રાષ્ટ્ર છે. બે હજાર સાલ પહેલા તો મુસ્લિમ કે ઈસાઇ ધર્મનું અસ્તિત્વ જ નહોતું ત્યારે માત્ર સનાતન, જૈન અને બૌદ્ધ ધર્મ જ વ્યાપ્ત હતા અને 2600 વર્ષ પહેલાં માત્ર સનાતન ધર્મ જ એકમાત્ર ભારત રાષ્ટ્રમાં હતો. ઈતિહાસના પૃષ્ઠોમાંથી જાણવા મળે કે હજારો વર્ષ પહેલાં અચ્છાઇ એ સનાતન હતો અને એની વિપરીતે આસૂરી શક્તિઓ બૂરાઇની વ્યાખ્યામાં ગણાતી. ત્યારે મંદિરો નહોતો, સંસ્કાર અને સંસ્કૃતિનું જ્ઞાન ઋષિમૂનિઓ તેના આશ્રમ કે ગુરૂકૂળોમાં આપતા. વેદોમાં પણ મંદિરોનો ઉલ્લેખ નથી જોવા મળતો. દેવ-દેવીઓને કઠીન તપશ્ચર્યાથી પ્રસન્ન કરાતા એવું આપણે ધર્મકથાઓમાંથી જાણીએ છીએ. ઈસવી સન પૂર્વેની છઠ્ઠી શતાબ્દીથી જૈન અને બૌદ્ધ ધર્મની ઉત્પતિ સાથે સમાજને સનાતન સાથે જોડેલો રાખવા ધર્મના પ્રચાર-પ્રસારાર્થે મંદિરોના નિર્માણનો પ્રારંભ થયેલો મનાય છે. જો કે જૈન અને બૌદ્ધ ધર્મ સનાતનથી વિપરીત અભિગમ ધરાવતા ધર્મ નથી જ, પણ ઈશ્વરનું સામિપ્ય પામવાના તેઓના પથ અને પ્રણાલી થોડી અલગ છે. ધર્મની ઉત્પતિ પહેલા હિન્દુ શબ્દ નહોતો. હિન્દુસ્તાનમાં રહેતા સૌ કોઇ માટે હિન્દુ શબ્દ વપરાતો પણ કાળક્રમે હિન્દુ એટલે સનાતની જ એવી એક નક્કર વાસ્તવિકતા ઊભી કરાઇ અને એ સહજ સ્વીકાર્ય થઇ ગઇ.

આપણો વિષય મંદિરો સાથે જોડાયેલ છે તો ધર્મ કોઇ પણ હોઇ પણ ઈશ્વર, અલ્લાહ, જીસસ કે વાહેગુરુની બંદગી માટે એક નિશ્ચિત જગ્યાને આપણે મંદિર, ચર્ચ, મસ્જીદ કે ગુરુદ્વારા કહીએ છીએ, સૌનું ધ્યેય એક જ હોય છે પણ પ્રથા અને પ્રણાલી અલગ-અલગ હોય છે. મંદિરોની જ વાતનો દોર આગળ વધારીએ તો દેવ-દેવીઓ કે આપણા ઈષ્ટપુરુષના મંદિરોની પારંપારિક રચના એવી હોય છે કે તેમાં પ્રવેશતા મનને એક વિશિષ્ટ પ્રકારની અનુભૂતિનો અનુભવ થતો હોય છે. મંદિરોમાં સકારાત્મક ઊર્જાથી પ્રસન્નતાના અનુભવ સાથે આત્માને બળ મળતું હોવાની લાગણી થતી હોય છે. સંસ્કૃતિ અને આસ્થાના કેન્દ્ર સમાન મંદિરો વ્રતો, પર્વો, તહેવારો, ઉત્સવો અને મેળાઓ થકી લોકોને, સમાજને આપસમાં જોડાવાનું અદશ્ય કાર્ય કરે છે. પ્રાચીન કલાઓ, પારંપારિક સંગીત, ગાયકી, ધૂન, ભજન, નૃત્ય અને રીત-રીવાજોને માત્ર જીવિત રાખવાનું જ નહીં પણ આગળ વધારવાનું મહત્ત્વપૂર્ણ માધ્યમ આપણાં મંદિરો છે. સનાતનને ટકાવવા પ્રાર્થના, હોમ -હવન, સેવા, સત્કાર્યો, ધ્યાન યોગ, પ્રવચન, પ્રદર્શન જેવા અનેક માધ્યમો ગણાવી શકાય પણ મંદિરો એ સર્વશ્રેષ્ઠ માધ્યમ છે.

માત્ર આપણા દેશની વાત કરીએ તો એક માહિતી મુજબ ઐતિહાસિક, પૌરાણિક ઉપરાંત અર્વાચીન, આધુનિક નાના-મોટા 6,00,000 (છ લાખ) જેટલા મંદિરો છે. જેમાં ઘર મંદિરોનો સમાવેશ નથી. વધુમાં વધુ તામિલનાડુમાં 79,154 મંદિરો છે. તો બીજા નંબરે મહારાષ્ટ્રમાં 77,283 મંદિરો છે. આપણા ગુજરાતમાં જ 49,984 મંદિરો આવેલા છે. દેશનું એક માત્ર મિઝોરમ એવું રાજ્ય છે. જ્યાં ખ્રિસ્તી ધર્મ પાળનારા ભારતીયોની સંખ્યા વધુ છે તેથી ત્યાં માત્ર 32 જ મંદિર છે. જો કે દેશની વસ્તી મુજબ સરેરાશ કાઢીએ તો દેશમાં પ્રતિ એક લાખ વસ્તી દીઠ 53 મંદિરો છે. ભારતમાં 80 ટકા હિન્દુઓની વસ્તી હોવાથી સ્વાભાવિક જ મંદિરોની સંખ્યા અધિક હોય શકે પણ વિદેશોમાં પણ જ્યાં હિન્દુ વસ્યા છે તેમણે સંસ્કૃતિ છોડી નથી. વસ્તી વિસ્ફોટથી દુનિયામાં વસ્તી મુજબ ભારત પ્રથમ સ્થાને છે તો સ્વાભાવિક જ હિન્દુઓની પણ વસ્તી વધી અને રોજગાર મેળવવા ઓસ્ટ્રેલિયા, અમેરિકા, બ્રિટન અને કેનેડા જ નહીં મિડલ ઈસ્ટના મુસ્લિમ દેશોમાં પણ હિન્દુઓ છેલ્લા પંદર વર્ષમાં ખૂબ ગયા. વર્તમાન સરકારની વિદેશ નીતિઓને કારણે ભારતીય હિન્દુઓને વિદેશ જવાનું સરળ તો બન્યું ઉપરાંત સન્માન પણ મળતું થયું.

કમ્બોડિયામાં અંગકોર વાટ વિષ્ણુમંદિર વિશ્વનું સૌથી મોટું હિન્દુ મંદિર ગણાય છે. 12મી સદીમાં તત્કાલીન ખમેર રાજા સૂર્યવર્મણા દ્વિતિયએ આ મંદિરનું નિર્માણ કરાવેલું. આ મંદિર 500 એકરમાં ફેલાયેલું છે. પડોશી રાજ્ય નેપાળની રાજધાની કાઠમંડુમાં બાગમતી નદીના કાંઠે આવેલું પશુપતિનાથ મંદિર ખૂબ પ્રાચીન ગણાય છે. 1979માં યુનેસ્કોની વર્લ્ડ હેરીટેજ સાઇટ્સની સૂચિમાં આવતું આ મંદિર હિન્દુઓ માટે એક મોટું મહત્ત્વપૂર્ણ યાત્રાધામ છે. મંદિરમાં 1 મીટર ઉંચુ ભગવાન શિવના ચતુર્મુખવાળું શિવલીંગ દર્શનીય છે. વિશેષતા એ છે કે નેપાળ જવા માટે ભારતીયોને પાસપોર્ટની જરૂર નથી પડતી. મલેશિયામાં ગોમ્બેક શહેરમાં પ્રખ્યાત બટુ ગુફામંદિર છે. જમીનથી 100 મીટરની ઉંચાઇ પર આવેલ આ ગુફામંદિરમાં અનેક ગુફાઓ સાથે ત્રણ મુખ્ય ગુફા મંદિરો છે. હિન્દુ રીત-રિવાજ મુજબ પૂજા-આરતી અને તહેવારોની ઉજવણી નિત્યરૂપે થતી જોવા મળે છે. ઓસ્ટ્રેલિયાની રાજધાની સીડનીમાં પણ ભગવાન મુરુગન (કાર્તિકેય)નું પ્રખ્યાત મંદિર આવેલું છે તો વિકટોરીયા ટાઉનમાં પણ ભવ્ય શિવ-વિષ્ણું મંદિર પ્રસ્થાપિત છે. મેલબોર્નમાં હિન્દુઓની વસ્તી અધિક છે તેથી હિન્દુઓ અહીં દર્શને અને હિન્દુ તહેવારોની ઉજવણી કરવા અહી આવતા હોય છે.

મોરેશિયસના ટ્રાયોલેટ શહેરમાં શિવજીનું એક વિશાળ 'ગ્રાંડ શિવાલા ત્રિલાટે' નામનું મંદિર છે. 1888માં કલક્ત્તાથી અહીં આવેલ પંડિત સાજીબલાલ રામસુંદરે આ મંદિરનું નિર્માણ કરાવેલું. અહીં શહેરની મધ્યમાં ગંગા તળાવની પ્રથમયાત્રા હિન્દુઓ માટે મહત્ત્વતા ધરાવે છે. અમેરિકાના ન્યૂજર્સીમાં 2023ના ઓક્ટોબરમાં જ ખુલ્લું મુકાયેલું ભવ્ય સ્વામીનારાયણ મંદિર 185 એકરમાં ફેલાયેલું છે. અમેરિકાના જ ટેક્સાસમાં 1990માં નિર્માણ પામેલ રાધા-માધવ ધામ મંદિર 3300 વર્ગ મીટરના વિસ્તારમાં બનાવ્યું છે. 90 ફૂટ ઉંચાઇ ધરાવતા ગુંબજવાળા આ મંદિર ત્યાના હિન્દુઓ માટે આર્શીવાદ છે. નાના-મોટા દરેક હિન્દુ તહેવારોએ અને શનિ-રવિએ અહીં ખૂબ ભીડ જોવા મળે છે. દક્ષિણ આફ્રિકામાં 11 લાખથી અધિક હિન્દુ વસ્તી છે. અહીં લગભગ 14 એકરના વિસ્તારમાં સ્થાપિત સ્વામીનારાયણ મંદિર હિન્દુઓ માટે ઉત્તમ દર્શનીય સ્થળ છે. 2023માં બ્રિકસ સંમેલનમાં આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ આ મંદિરની મુલાકાત લીધેલી. આ ઉપરાંત બ્રિટન, રશિયા, કેનેડા જેવા અનેક રાજ્યોમાં હિન્દુ મંદિરો સ્થાપિત છે. અહીં તો દરેક દેશના એક-બે મોટા મંદિરોનો જ સ્થળ સંકોચને કારણે ઉલ્લેખ કરી શક્યા છીએ, પણ નાના-મોટા અન્ય અનેક મંદિરો સ્થાપિત છે. ખરેખર તો આ સિવાયના મુસ્લિમ દેશોમાં પણ હિન્દુઓના મંદિરોનો સમ્માનપૂર્વક સ્થાન અપાયા છે. જેનો પણ સંક્ષપ્તિમાં ઉલ્લેખ જોઈએ.

મૂળ હિન્દુ રાષ્ટ્ર પણ 14મી સદીમાં મુસ્લિમ રાષ્ટ્ર બનેલા ઈન્ડોનેશિયા પોતાની મૂળ સંસ્કૃતિને ભૂલ્યા નથી, અહીં મુસ્લિમ યુવક-યુવતીઓ પ્રતિવર્ષ રામાયણના પાત્રો બની રામાયણ ભજવે છે. અહીંની કરન્સી નોટ પર ગણેશજીની પ્રતિમા અંકિત છે. અહીંના બાલી ખાતે 87 ટકા વસ્તી હિન્દુની છે. જાવા દ્વીપ પર 9મી સદીનું વિશાળ પૌરાણિક પ્રમ્બાનન શિવ મંદિર આવેલું છે જે યુનેસ્કો વલ્ડા હેરીટેજ સાઇટ તરીકે સુરક્ષિત છે. અહીંયા પણ નાના -મોટા 20,000થી વધુ હિન્દુ મંદિરો છે. બહેરીન જેવા નાના દેશમાં 1 લાખથી હિન્દુ વસ્તી છેલ્લા દસ વર્ષમાં 3 લાખથી વધુ થઇ ગઇ છે. અહીં 200 વર્ષ જૂનું એક શ્રીનાથજીનું મંદિર છે. અહીંના સુલતાન હિન્દુ મંદિર બનાવવા જમીન દાનમાં આપે છે તો હમણાં 2023માં હિન્દુઓ માટે સ્મશાન બનાવી આપ્યું છે. UAE માં પણ 2010 સુધી 6 લાખ વસ્તી હતી જેમાં 68 ટકા જેટલા વધારા સાથે 2025માં 16 લાખની હિન્દુ વસ્તી થઇ ગઇ છે. અહીં કારીગરોથી લઇને એન્જીનિયર્સ અને ઉચ્ચ અધિકારી સુધી હિન્દુઓ જ અધિક જોવા મળે છે. અહીંના દુબઇમાં 51 ફૂટ ઉંચી હનુમાન મૂર્તિ સ્થાપિત છે તો આબુ ધાબીમાં વિશાળ સ્વામીનારાયણ મંદિર આવેલું છે. ઓમાનમાં પણ હિન્દુ વસ્તી 3 લાખથી વધીને 2025 સુધીમાં 7 લાખ થઇ છે. અહીંના મસ્કતમાં 100 વર્ષ જૂનું પણ ભવ્ય શિવમંદિર પ્રસ્થાપિત છે. ઉપરાંત નાના-મોટા મંદિર સાથે હિન્દુ સ્કૂલ અને સ્મશાનગૃહ પણ છે. વિદેશોમાં હિન્દુઓને સ્મશાન ના હોય ત્યારે બહુ મુશ્કેલી પડતી હોય છે. ફીફા ફૂટબોલ વર્લ્ડકપવાળા કતાર ખાતે પણ દોઢ લાખની હિન્દુ વસ્તી છ લાખ થઇ ગઇ છે. નાના-મોટા હિન્દુ મંદિરો પણ છે અને હિન્દુઓનું વર્ચસ્વ હોવાથી હિન્દુ તહેવારોમાં રજા પણ મળે છે. કુવૈતમાં 3 લાખની હિન્દુ વસ્તી વધીને 2025માં સાડા 6 લાખ થઇ છે. અહીં હિન્દુઓને સરકાર છઠપૂજા માટે દરિયા કિનારે ઘાટ બનાવીને જરૂરી બધી સગવડ પુરી પાડે છે. તો હોળી-દિવાળી જેવા તહેવારોની ઉજવણી પર કઇ પાબંદી નથી. પાકિસ્તાન 350 વર્ષ જૂનું વરુણદેવનું મંદિર છે જે ભાગલા પછી કોઇ દેખરેખવાળું નહીં હોવાથી અમેરિકન કોન્સ્યુલેટની મદદથી હમણાં મરમ્મત કરાવી ખુલ્લું મુકાયું છે. અહીં શક્તિપીઠ ગણાતા હિંગરાજ માતાનું મંદિર ખૂબ વિખ્યાત છે. ભારતમાંથી પણ હિન્દુઓ ત્યાં દર્શને જાય છે. બાંગ્લાદેશમાં પણ અનેક હિન્દુ મંદિરો છે. જો કે ભારતીય સનાતન સંસ્કૃતિના સંરક્ષણાર્થે અને પ્રચાર-પ્રસાર માટે બ્રહ્મકુમારીઝ સ્વામીનારાયણ સંસ્થા, ઈસ્કોન તથા મહર્ષિ અરવિંદની સંસ્થાઓ જેવી અનેક સંસ્થાઓનો ખૂબ મોટો ફાળો છે. ટૂંકમાં જોઇએ BAPS સ્વામીનારાયણ સંસ્થાના 73 જેટલા મંદિરો ભારતની બહાર વિદેશમાં બન્યા છે, તો ઈસ્કોનના 800 જેટલા મંદિરો અને સાંસ્કૃતિક કેન્દ્રો વિદેશમાં કાર્યરત છે. બ્રહ્માકુમારીઝના પણ 130 દેશોમાં 8000 કરતાં વધુ કેન્દ્રો કાર્યરત છે જે યોગ સાથે સંસ્કૃતિ અને સંસ્કારનું જ્ઞાન આપે છે. મહર્ષિ અરવિંદની સંસ્થા અરવિંદ સોસાયટી અને અરવિંદ આશ્રમની ભારત સહિત વિદેશોમાં 310 જેટલી શાખાઓમાં ભક્તિ, ધ્યાન, યોગ અને સનાતન સંસ્કૃતિનું સિંચન થાય છે.

> ઇસવી સન પૂર્વેની છઠ્ઠી શતાબ્દીથી જૈન અને બૌદ્ધ ધર્મની ઉત્પતિ સાથે સમાજને સનાતન સાથે જોડેલો રાખવા ધર્મના પ્રચાર-પ્રસારાર્થે મંદિરોના નિર્માણનો પ્રારંભ થયેલો







|| कृष्णस्तु भगवान स्वयम् ||

લેખાંક-૭૫

# ભગવાનનો અઘાસુરના મુખમાં પ્રવેશ

## અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

અગાઉના લેખમાં સમજ્યા તેમ ભગવાન શ્રીકૃષ્ણ સહિત તમામ બાળકોને મારી નાખવા આવેલા કંસ પ્રેરિત અઘાસુરે, 'મહિમા' નામની યોગસિદ્ધિના પ્રભાવનો ઉપયોગ કરી પોતાના શરીરનો વિસ્તાર કર્યો અને એક યોજન (આઠ માઈલ) લાંબા પહાડ જેવા પુષ્ટ અને ગુફા જેવડા મોટા મોઢાવાળા અજગરનું આશ્ચર્યજનક રૂપ ધારણ કરી લીધું. આવું રૂપ ધારણ કરી શ્રીકૃષ્ણ સહિત તમામ બાળકોને ગળી જવાના પ્રયોજન સાથે ત્યાં માર્ગ વચ્ચે સૂઈ ગયો.

તે માર્ગ વચ્ચે સૂતો હતો ત્યારે તેનો નીચેનો હોઠ ધરતી પર રહ્યો તથા ઉપલો હોઠ વાદળો સુધી પહોંચ્યો હોય તેવું પ્રતીત થતું હતું. સાથે જ તેની દાઢો અને દાંત વિશાળ અંતહીન પહાડનાં શિખરો જેવા દેખાવા માંડ્યા, ગલેફાઓ ગુફાના ઊંડા ખૂણા જેવા જણાવા માંડ્યા, મોઢાની અંદરનો અંધકાર ઘાટા શિખરોના મધ્યની અંદરના અંધકાર જેવો જણાવા માંડ્યો. બહાર પ્રસરાવેલી લાંબી જીભ જાણે મોટી સડક હોય તેવી દેખાવા માંડી. તેની બંને આંખો દાવાનળના બે ભડકા થતા હોય તેવી જણાવા માંડી. તેના ઉચ્છવાસમાંથી ગરમ પવન નીકળવા માંડ્યો.

ઉપસ્થિત તમામ બાળકો ભ્રાંતિથી અઘાસુરને મોટા પહાડ જેવો માનવા માંડ્યા. તેઓ આશ્ચર્યમાં પડી ગયા અને બધા ભેગા થઇ મંત્રણા કરવા લાગ્યા કે, આ પ્રદેશના આ પહાડનો ભાગ કોઈ પ્રાણી જેવો નથી લાગતો? અને તે જુઓ તો ખરા તે આપણને જાણે ગળી જવાનો હોય તેવા ફાડેલા મોઢાવાળા અજગર જેવો જ દેખાય રહ્યો છે એવું કેમ? આવી મંત્રણા ચાલતી હતી ત્યારે એક ગોપ બાળક બોલ્યો કે, "વાત તો સાચી લાગે છે. શિખરોની ઉપર રહેવાના કારણે સૂર્યનાં કિરણોથી રાતું થયેલું આ વાદળું અજગરના ઉપલા હોઠ જેવું લાગે છે. એની નીચે દેખાઈ રહેલો આ મોટો ટેકરો ઉપર રહેલાં રાતાં વાદળોના પડછાયાથી અજગરના નીચેના હોઠ જેવો પ્રતીત થાય છે. આ ડાબા અને જમણા ગુફાના ખૂણાઓ અજગરનાં ગલોફાં સાથે સ્પર્ધા કરે તેવા જણાય છે. આ ઊંચી ઊંચી શિખરની પંક્તિઓ, અજગરની દાઢો સાથે સ્પર્ધા કરે તેવી જણાય છે. આ લાંબી સડક અજગરની જીભ જેવી જણાય છે. આ શિખરોના મધ્યમાં રહેલું અંધારું, અજગરના મુખની અંદર રહેતા અંધારા જેવું જણાય છે. દાવાનળની જ્વાળાઓથી ગરમ થયેલો આ પવન અજગરના ઉચ્છવાસ જેવો જણાય છે અને તેના ઉચ્છવાસમાંથી આવી રહેલી સડેલી માછલી જેવી દુર્ગંધ તેના આંતરડામાંથી આવી રહેલી દુર્ગંધ જેવી જણાય છે. પહાડમાં સળગેલા દાવાનળથી ઊઠી રહેલા આ બે ભડકાઓ અજગરની આંખ હોય તેવા દેખાય છે".



> શ્રીકૃષ્ણ દરેક વ્યક્તિની સુરક્ષા કરી શકે તેમ હતા પરંતુ જ્યારે તેમણે જોયું કે એમના ઘણા મિત્રો એમના હાથથી દૂર વિશાળ અજગરના મુખમાં પ્રવેશી ચૂક્યા છે ત્યારે તેઓ અત્યંત શોકાતુર થઇ ગયા

બીજો ગોપ બાળક બોલ્યો, "જો કદાચ આ અજગર હોય તો પણ આપણે બધા જ ભેગા થઈને આ અજગરના મોઢામાં પ્રવેશ કરીએ તો એ બધાને કેવી રીતે ગળી જાય? અને કદાચ એ આપણને ગળી જાય તો પણ કૃષ્ણને એ કેવી રીતે ગળી જાય? અને કદાચ જો તે કૃષ્ણને પણ ગળવાનો પ્રયત્ન કરશે, તો જેમ કૃષ્ણના હાથથી બકાસુર માર્યો ગયો તેમ તે પણ અવશ્ય માર્યો જશે." આ પ્રમાણે ચર્ચા કરતા કરતા તેમણે શ્રીકૃષ્ણના સુંદર મુખ સામે જોયું અને તાળીઓ પાડીને હસવા લાગ્યા અને સાથે જ હસતાં હસતાં આગળ ચાલ્યાં અને ભીમકાય અઘાસુરના મોઢામાં પ્રવેશવા માંડયાં.

બીજી બાજુ દરેકના હૃદયમાં પરમાત્માના રૂપમાં સ્થિત રહેલા શ્રીકૃષ્ણને આ રાક્ષસ છે તેવી પ્રતીતિ થઈ ગઈ. તેમને એવી પણ ખાતરી થઈ ગઈ કે અહીં પહેલાં તો કોઈ પહાડ હતો જ નહિ, કોઈ ગુફા પણ ન હતી તો પછી એકાએક કેવી રીતે બની ગઈ? આવી પ્રતીતિ થતાં જ શ્રીકૃષ્ણ અઘાસુરના વિનાશ માટેની યોજના બનાવવા માંડ્યા અને બાળકોને અવળી ઉત્પ્રેક્ષા કરીને અજગરની સામે જતાં અને તેના મુખમાં પ્રવેશ કરતાં અટકાવવા માટે પ્રયત્ન કરવા માંડ્યા પરંતુ દુર્ભાગ્યે એટલામાં તો ઘણાં બાળકો તેમના વાછરડાઓ સહિત અજગરના પેટમાં ઘૂસી ગયાં. બાળકો પેટમાં આવી ગયાં હોવા છતાં પણ પોતાના ભાંડુઓનું સ્મરણ કરતા એ અજગરરૂપી અઘાસુરે, શ્રીકૃષ્ણના પ્રવેશની રાહ જોઈ અને પોતાનું મોઢું ખુલ્લું જ રાખ્યું.

આમ તો શ્રીકૃષ્ણ દરેક વ્યક્તિની સુરક્ષા કરી શકે તેમ હતા પરંતુ જયારે તેમણે જોયું કે એમના ઘણા મિત્રો એમના હાથથી દૂર વિશાળ અજગરના મુખમાં પ્રવેશી ચૂક્યા છે, ત્યારે તેઓ અત્યંત શોકાતુર થઈ ગયા.

તેઓ વિચારવા લાગ્યા કે હવે આ અસુરનો કેવી રીતે વધ કરાય કે જેથી અસુરનો વધ પણ થાય અને બાળક મિત્રો તેમ જ વાછરડાઓને પણ બચાવી શકાય?

થોડા વિચારને અંતે તેઓ પણ અઘાસુરના મુખમાં પ્રવેશી ગયા. જયારે તેઓ પ્રવેશી ગયા ત્યારે અંદર રહેલાં બાળકો તાળી પાડી રહ્યાં હતાં. આકાશમાં વાદળોની પાછળ સંતાઈને આ તમાશો જોઈ રહેલા દેવતાઓ અત્યંત દુ:ખી દેખાતા હતા. અઘાસુરના કંસ સહિત તમામ મિત્રો કે જેઓ માંસ અને રક્તનું ભોજન કરવામાં આનંદ અનુભવતા હતા, તેઓ અત્યંત પ્રસન્ન દેખાતા હતા.

જયારે અઘાસુર મોઢું બંધ કરવાની પ્રક્રિયા સાથે શ્રીકૃષ્ણ અને તેમના મિત્રોને ભીંસ આપીને ચકનાચૂર કરી નાખવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે અંદર પ્રવેશેલા શ્રીકૃષ્ણે પોતાની લીલાના ભાગરૂપે પોતાના શરીરનો વિસ્તાર કરવાનો પ્રારંભ કરી દીધો.

(ક્રમશ:)